# યુવતીએ ફ્રેન્ડશીપ પ્રપોઝલ રીજેક્ટ કર્યા બાદ ઉપાડી જવાની ધમકી

**સેક્ટર-૧૩માં મોડી સાંજે ધમાચકડી સામસામે ગાળાગાળી બાદ પોલીસ ફરીયાદ**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩ પારીજાત એપાર્ટમેન્ટ પાસે ગઈ મોડી સાંજે ધમાચકડી થવા પામી હતી. સામસામે ગાળાગાળી થયા બાદ ઝપાઝપી અને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવામાં આવી હતી. જેમાં એક યુવતીને ફ્રેન્ડશીપ પ્રપોઝલ થોડા દિવસ અગાઉ પડોશીએ કરી હતી તેને રીજેક્ટ કર્યા બાદ ઝગડા શરૂ થઈ ગયો હોવાની અને યુવતીને ઉપાડી જવાની ધમકી આપી હોવાની ફરીયાદ નોંધાવા પામી છે. આ પ્રકરણમાં બંને જણાએ સામસામે ફરીયાદ નોંધાવા પામી છે.

મળતી માહિતી મુજબ સે. ૧૩ પારિજાત એપાર્ટમેન્ટમાં રહેતી રીતુ શાહે આપેલી પોલીસ ફરીયાદ પ્રમાણે રાજેશ નામની વ્યક્તિએ (આકાશના પિતા) ગઈ સાંજે પુષ્પકમાં રીતુનો હાથ પકડી કહ્યુ કે આજે ઉપાડી જવુ છે તેણીની માતાએ ઠપકો આપતા ઝપાઝપી થઈ અને ડ્રેસ પણ ફાટી ગયો હતો. આ અગાઉ આકાશે ફ્રેન્ડશીપ પ્રપોઝલ રીતુ સામે મુકી હતી. તે રીજેક્ટ કરતાં ત્યારથી ઝગડા ચાલુ કર્યા હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ છે. રાજેશ સામે છેડતીના પ્રયાસનો ગુનો નોંધી સે. ૭ પોલીસે તપાસ શરૂ કરી છે.

તો બીજી તરફ પારીજાતમાં રહેતી દિપીકા રાજુભાઈ ચૌહાણે પણ પોલીસ ફરીયાદ નોંધાવી છે. જેમાં પીન્કીબેન, રીતુબેન અને રજાકભાઈ સામે ફરીયાદ નોંધાઈ છે. કચરો ફેંકવા બાબતે માથાકુટ થતા ગાળાગાળી કરી દિપિકાબેનને જાનથી મારી નાંખવાની ધમકી આપી જાતીવાચક અપમાનજનક શબ્દો ઉચ્ચાર્યા હતા. જે આધારે ત્રણ સામે એટ્રોસીટી અને મારી નાંખવાની ધમકી અંગે સે. ૭ પોલીસે ગુનો નોંધી તટસ્થ તપાસ શરૂ કરી છે.



## વાવોલ શાલીન-૪માં નિઃશુલ્ક ડાયાબીટીશ કેમ્પ યોજાયો

સતત બેઠાળુ જીવનશૈલી અને જંકફુડના જમાનામાં ડાયાબીટીશ અને બ્લડપ્રેશરને લગતા રોગો સામાન્ય બનતા જાય છે. ડાયાબીટીશ જેવા માહારોગે ગુજરાતમાં વ્યાપ ભયજનક રીતે વધાર્યો છે. આ રોગો સામે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી અને નાગરિકોને સમયસર ચેતી તેનાથી બચવા પ્રયત્ન હાથ ધરી શકાય તે હેતુથી ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલ ખાતે શાલીન-૪ એપાર્ટમેન્ટમાં વિનામૂલ્યે ડાયાબીટીશ-બીપી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડૉ. અમૃતભાઈ પ્રજાપતિ અને તેમની ટીમે સેવાઓ આપી હતી. કેમ્પમાં ૫૫ દર્દીઓની તપાસ કરાઈ હતી અને જરૂરિયાત મુજબ તેમને દવાઓ અને આહાર-વિહાર અંગે યોગ્ય સલાહ સૂચનો કરવામાં આવ્યા હતા. **(તસવીર : સમીર રામી)**

# ભર ઉનાળે નવા સચિવાલયના બ્લોક નં. ૭માં વૉટરકુલર ઠપ્પ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના ઉનાળાની ગરમી માઝા મુકી રહી છે. આ કાળઝાળ ગરમીમાં નાગરિકોને વાંરવાર પાણી પીવાની જરૂરિયાત ઉભી થાય છે. ત્યારે આવા સમયે નવા સચિવાલયના બ્લોક નં. ૭માં ૭મા માળે પીવાના પાણીનું વૉટર કુલર મશીન ઘણા સમયથી બંધ હાલતમાં છે. જેના કારણે કર્મચારીઓની હાલત કફોડી થવા પામી છે.

નવા સચિવાલયના બ્લોક નં. ૭માં ૭મા માળે અંદાજે ૫૦૦થી પણ વધારે અધિકારીઓ-કર્મચારીઓ કામ કરે છે. છેલ્લા ઘણા સમયથી વૉટરકુલર બંધ હોવાને કારણે ઉનાળાના બળબળતા બપોરે અધિકારીઓ અને કર્મચારીઓને પાણી માટે ફાંફા મારવા પડે છે. સવારે ઘરેથી બોટલમાં લાવેલ પાણી બપોર સુધીમાં પુરૂ થઈ જાય છે. એટલે બપોર પછી આ કર્મચારીઓની હાલત કફોડી બનવા પામે છે. સત્વરે આ વૉટરકુલર રીપેર કરાય તેવી કર્મચારીઓમાં માંગ ઉઠવા પામી છે.

# કરાઈ સાયફનમાંથી યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક કરાઈ સાયફનના પાણીમાંથી આજે બપોરના અરસામાં આશરે ૩૫ થી ૪૦ વર્ષના અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસને ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પી.એમ. કરાવી ઓળખ માટે તજવીજ શરુ કરી છે. મૃતક યુવાનના શરીરે મરૂન રંગનો આંખી બાયનો શર્ટ અને બ્લેક પેન્ટ છે તેના ડાબા હાથની નાડી પાસે દીલ દોરેલું છે જેમાં અંગ્રેજીમાં 'J.S' ત્રોફાવેલું છે. પોલીસે તેની ઓળખ માટે તથા તેના પરિવારજનો સુધી પહોંચવા માટે દોડધામ શરુ કરી છે.

# ઈન્ફોસીટી પાસે દારૂની મહેફીલ કેસમાં ફરાર બે નબીરા ઝડપાયા

**વાહનો છ અને આરોપીઓ બે...? : નબીરાઓ બીજા કોઈનું નામ ખોલતા નથી**

ગાંધીનગર, તા.૧૦

શહેરના અતિપોશ વિસ્તાર ઈન્ફોસીટીમાં જાહેરમાં કહંબો કરતા નબીરા પોલીસ આવતા વાહનો મુકી ભાગી છુટયા હતા. જાહેરમાં દારૂની મહેફીલ માણતા બે નબીરાઓની આજે ઈન્ફોસીટી પોલીસે ધરપકડ કરી છે. હજુ વધુ નબીરા પકડાય તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

બે દિવસ અગાઉ ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તાર પાસેથી એન.આઈ.ડી. સંસ્થા પાસે નબીરાઓ જાહેરમાં દારૂની મહેફીલ માણી રહ્યા હતા ત્યારે પોલીસ પહોંચતા નબીરા પોતાની ગાડીઓ મુકી ભાગી છુટયા હતા.

ગાડીઓના નંબરના આધારે પોલીસે આજે ઉપેન્દ્ર હરજી રાવળ અને રાકેશ અમરત પ્રજાપતિની વાહનોના નંબરના આધારે ધરપકડ કરી છે. પોલીસે સ્થળ પરથી ત્રણ ફોર વ્હીલર અને ત્રણ ટુ વ્હીલર, ૧૫૦ મી.લી. દારૂ મળી કુલ ૧૨.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

હજુ વધુ નબીરાઓ પકડાવાની શકયતા રહેલી છે. પોલીસે ભાગી ગયેલા અન્ય નબીરાને શોધવાની કવાયત હાથ ધરી છે.

# જેઠીપુરા પાસે બસ અને ટ્રક વચ્ચે અકસ્માત : ત્રણ ઘાયલ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીક જેઠીપુરા ફિરોજપુર વચ્ચે આજે બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓને સામાન્ય ઈજાઓ થવા પામી હતી. જો કે સદ્ભાગ્યે કોઈ જાનહાની કે મોટી ઈજાઓ થવા પામી ન હતી. ટ્રક અને બસના અકસ્માતમાં ઘાયલ ઈજાગ્રસ્તોને દવા કરાવી સામસામે સમાધાન કરી દેવાયુ હતુ. જેને પગલે કોઈ પોલીસ ફરીયાદ પણ નોંધાવા પામી ન હતી.

# સે-૨૯માં ઘણા સમયથી ચોક અપ થયેલ ગટર લાઈનથી રહીશો ત્રસ્ત!

**કોઈ સફાઈ કર્મચારી ગટરમાં ઉતરવા તૈયાર નથી : માત્ર કોમ્પ્રેશર મશીનથી કામ ચલાઉ સફાઈ કરાય છે : દુર્ગંધ ફેલાતા રોગચાળાનો ભય**



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના સેકટર-૨૯માંચ ટાઈપના મકાનો પાસેની મુખ્ય ગટર લાઈન છેલ્લાં એકાદ વર્ષથી સંપૂર્ણ પણે બ્લોક થઈ જવા પામી છે જેના કારણે રહીશો ત્રાહીમામ પોકારી રહ્યા છે. સમગ્ર વિસ્તારમાં દુર્ગંધ ફેલાઈ રહી છે અને રોગચાળાનો ભય ઉભો થવા પામ્યો છે. અનેકવાર રજૂઆતો કરવા છતાં આ સમસ્યા તંત્રના બહેરાં કાને અથડાઈને પરત ફરી રહી છે.

લગભગ એક વર્ષ કરતા પણ વધુ સમયથી સંપૂર્ણ ચોકઅપ થઈ ગયેલ ગટર લાઈનના કારણે રહીશોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. સે-૨૨ની ડ્રેનેજ ઈન્કવાયરીમાં આ ગટરલાઈન અંગે રહીશોએ અનેકવાર ફરિયાદ નોંધાવી પરંતુ આ ગટરની સફાઈ કરવા કોઈ સફાઈ કર્મચારી અંદર ઉતરવા તૈયાર નથી. આ અંગે પુછતા કર્મચારીએ એવો ખુલાસો રજૂ કર્યો છે કે અમારા જીવનની કોઈ સાહેબ જવાબદારી લેતા નથી માટે અમે ગટરની અંદર ઉતરવાનુ જોખમ ના લઈએ. ગટર અંગે ફરિયાદ મળે એટલે કોમ્પ્રેશર મશીન દ્વારા ઉપર ઉપરથી શકય હોય તેટલી સફાઈ કરી કામચલાઉ ઉકેલ લાવી દેવાય છે. પરંતુ તેનાથી ગટરની સંપૂર્ણ સફાઈ થતી નથી અને થોડાક જ દિવસમાં પ્રોબ્લેમ યથાવત સ્થિતિમાં આવી જાય છે. સરવાળે પરિસ્થિતિ એવી પેદા થવા પામી છે કે ધીમે ધીમે ગટરની દુર્ગંધ સમગ્ર વિસ્તારમાં ફેલાવા લાગી છે અને તેના કારણે રોગચાળો ફેલાવાનો ભય પણ પેદા થઈ રહ્યો છે. તંત્ર દ્વારા સત્વરે આ ગટરની સંપૂર્ણ સફાઈ કરાય તો આ સમસ્યામાંથી છુટકારો મળે તેવી આ વિસ્તારના રહીશોની લાગણી છે.

# ગુજરાત યુનિવર્સિટી દ્વારા પુનઃ મુલ્યાંકન માટે કરોડો વસુલવા છતાં વિદ્યાર્થીઓમાં અસંતોષ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત યુનિવર્સિટીમાં વિવિધ વિદ્યાશાખાની પરીક્ષાઓમાં છેલ્લા પાંચ વર્ષમાં ગુણ ચકાસણી અને પુનઃ મુલ્યાંકનની ફી પેટે દોઢ કરોડ જેટલી માતબર રકમ વિદ્યાર્થી-વાલીઓ પાસેથી વસુલાત પછી પણ ૪ લાખ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓની પરીક્ષામાં વિશ્વનીયતા ઉભી કરવામાં ગુજરાત યુનિવર્સિટી સત્તાવાળા ગંભીર ન હોવાનો ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા અને પૂર્વ સિન્ડીકેટ ડૉ. મનિષ દોશીએ ગંભીર આક્ષેપ કર્યો છે.

ગુજરાત યુનિવર્સિટીમાં ૪ લાખ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓની લેવાતી પરીક્ષામાં ઉત્તરવહી ચકાસણી અને પુનઃ મુલ્યાંકન પેટે લાખો રૂપિયા એકત્ર કરવામાં આવ્યા છે. વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને યોગ્ય ન્યાય મળતો નથી. ગુણ ચકાસણી પેટે ૪૦ લાખ અને ઉત્તરવહી મુલ્યાંકન પેટે એક કરોડ જેટલી માતબર રકમ એકત્ર કરવામાં આવી છે. ગુજરાત યુનિ.માં છેલ્લા દસ વર્ષમાં પરીક્ષા ખર્ચ, પરીક્ષા ફી, પરીક્ષા પદ્ધતિ બાબતે અનેક વિવાદો થયા છે. સાથો-સાથ પરીક્ષા ખર્ચમાં તોતિંગ વધારો જોવા મળ્યો છે. વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવવામાં આવતી કરોડો રૂપિયાની ફી માંથી આડેધડ ખર્ચા કરવામાં આવે છે. પરીક્ષા ખર્ચ અંગે વ્યાપક ફરિયાદ બાદ હાલ તપાસ પણ ચાલી રહી છે. જ્યારે કેટલાક કિસ્સાઓમાં યુનિવર્સિટી સત્તાધીશો ત્રણ-ત્રણ મહિના સુધી જવાબો પણ નથી આપતા તે બાબત ગંભીર છે. વિદ્યાર્થીઓને આગળના અભ્યાસમાં પ્રવેશ માટે પણ ઘણી વખત મુશ્કેલી વેઠવી પડે છે. તે હકિકત છે તેમ ડૉ. મનિષ દોશીએ જણાવ્યુ હતુ.

**ઉત્તરવહીઓનું પુનઃ મૂલ્યાંકન :**
(વિષય દીઠ રૂ. ૨૫૦/-)

| વર્ષ | આવેલ અરજીઓની સંખ્યા | એકત્ર થયેલ કુલ રકમ | ગુણ સુધારણા સંખ્યા | પરિણામ સુધારણા સંખ્યા |
|---|---|---|---|---|
| ૨૦૦૯ | ૪૯૬૮ | ૨૪,૮૪,૦૦૦ | ૫૬૪ | ૩૮૬ |
| ૨૦૧૦ | ૫૪૪૪ | ૨૭,૨૨,૦૦૦ | ૪૮૪ | ૪૦૬ |
| ૨૦૧૧ | ૩૯૦૮ | ૧૯,૫૪,૦૦૦ | ૩૨૫ | ૩૦૫ |
| ૨૦૧૨ | ૨૭૨૧ | ૧૩,૬૦,૫૦૦ | ૨૫૫ | ૨૫૫ |
| ૨૦૧૩ | ૩૫૮૧ | ૧૭,૯૦,૫૦૦ | ૨૫૮ | ૨૩૭ |
| કુલ | ૨૦,૬૨૨ | ૧,૦૩૧૧,૦૦૦ | ૧,૮૮૬ | ૧,૫૮૯ |

**● ગુણ ચકાસણી :**
(વિષય દીઠ રૂ. ૫૦/-)

| વર્ષ | આવેલ અરજીઓની સંખ્યા | એકત્ર થયેલ કુલ રકમ | ગુણ સુધારણા સંખ્યા | પરિણામ સુધારણા સંખ્યા |
|---|---|---|---|---|
| ૨૦૦૯ | ૯૯૩૫ | ૯,૯૩,૫૦૦ | ૧૪૯ | ૧૭ |
| ૨૦૧૦ | ૯૮૮૮ | ૯,૮૮,૮૦૦ | ૮૯ | ૧૯ |
| ૨૦૧૧ | ૭૧૦૫ | ૭,૧૦,૫૦૦ | ૩૦ | ૧૨ |
| ૨૦૧૨ | ૪૩૪૦ | ૪,૩૪,૦૦૦ | ૨૫ | ૯ |
| ૨૦૧૩ | ૬૦૦૭ | ૬,૦૦,૭૦૦ | ૪૭ | ૧૧ |
| કુલ | ૩૭,૨૭૫ | ૨૭,૩૪,૦૦૦ | ૩૪૦ | ૬૮ |

# જીવતે જીવ જવાનું મન થાય તેવું ગાંધીનગરનું 'મુક્તિધામ'

**આકર્ષક બગીચા અને પશુ-પક્ષીઓના કારણે નયનરમ્ય બનેલું મુક્તિધામ : અનેક દેવી-દેવતાઓની વિશાળ પ્રતિમાઓથી સજ્જ : નગરજનોને સ્મશાનમાં પણ 'પિકનીક' કરવા આવકારતું જોવાલાયક સ્થળ**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સે. ૩૦ ખાતે આવેલ અંતિમ ધામ 'મુક્તિધામ' માત્ર મૃતદેહોના અંતિમ સંસ્કાર માટેનું સ્થળ નથી પરંતુ નગરનું એક નજરાણું બની જવા પામ્યું છે. સુંદર બગીચાઓ, સસલા, ઈમુ, લવર્સબર્ડસ, પોપટ અને સફેદ કબૂતરના આશ્રયસ્થાનની સાથે અઢળક પક્ષીઓના કુદરતી વસવાટનું આ સ્થળ નગરજનોને જીવતેજીવત 'સ્મશાન'ની મુલાકાત લેવા આકર્ષી રહ્યું છે. આ ઉપરાંત દેવ-દેવીઓ તેમજ વિરલ વિભૂતિઓની પ્રતિમાઓથી સજ્જ અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ આ અંતિમધામમાં પ્રાર્થના હોલ અને લાયબ્રેરીની પણ વ્યવસ્થા છે જે અનેક વિદ્યાર્થીઓના ભાવિ ઘડતર માટે નિયત બની રહી છે.

જુનિયર સિટીઝન કાઉન્સિલના



(તસવીર : કશ્યપ નિમાવત)

૧૬ વ્યક્તિઓના સ્ટાફ દ્વારા સંચાલિત મુક્તિધામ આકર્ષક પ્રવેશધારથી જ મુલાકાતીઓમાં કુતુહલ પેદા કરે છે. અહીં અગ્નિદાહ માટે લાકડાના ૪ ભઠ્ઠા અને એક સીએનજી ભઠ્ઠી છે તે દરેકને ખબર છે, પરંતુ મુક્તિધામના નયનરમ્ય બગીચામાં ૨૦૦૦ જેટલા ગુલાબનો છોડ, અનેક ઘટાટોપ વૃક્ષો અને તેની પર આશરે ૫૦૦ થી વધુ માટીના બનાવેલા ચકલીના માળા છે તેની ઘણા ઓછા લોકોને ખબર છે. અહીં થોડા સમય પહેલા સરખેજ હાઈવે પર તરછોડી દેવાયેલા કેટલાક સસલાની જતનપૂર્વક સચવાયા છે અને હવે તેની સંખ્યા ૪૨ સુધી પહોંચી જવા પામી છે, ૪ ઈમુ પક્ષી અહીં આશ્રય લઈ રહ્યાં છે. તેમજ ૧૦ ઓસ્ટ્રેલિયન લવબર્ડસ, ૮ સફેદ કબૂતર અને ૫ પોપટનું પણ આશ્રય સ્થાન છે. સસલાઓ માટે રોજ તાજા શાકભાજી અને પક્ષીઓ માટે ચણની વ્યવસ્થા સ્વૈચ્છિક દાતાઓ દ્વારા આપોઆપ ગોઠવાઈ જાય છે તે નવાઈ પમાડે તેવું છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વર્ષે માત્ર રૂ. ૫૦,૦૦૦ની અપાતી સહાય

● અનુસંધાન પાન-૬ પર

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૧
સૂર્યાસ્ત : ૭.૧૨

## તાપમાન

મહત્તમ : ૪૧.૩ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૦ ટકા ● સાંજે ૨૦ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સ્ક્રીન-૩ :**
જય હો ડેમોક્રસી : ૯.૪૫
બેયાર : ૧૨.૦૦
ધરમ સંકટ મેં : ૩.૦૦
કાગઝ કે ફૂલ (હિન્દી) : ૫.૪૫
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

**સ્ક્રીન-૪ :**
જય હો ડેમોક્રસી : ૧૦.૪૫

### સિટીપલ્સ

**સ્ક્રીન-૧ :**
ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૨.૧૫, ૭.૪૫

**સ્ક્રીન-૨ :**
ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**
એવેન્જર્સ ૨ (ઈંગ્લીશ) : ૭.૦૦
એવેન્જર્સ ૨ (હિન્દી) : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
સબકી બજેકી બેંડ : ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦
મિ.એક્સ : ૫.૧૫
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૪૫
ધરમ સંકટ મેં : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**
ગબ્બર ઈસ બેક : ૧૦.૦૦, ૫.૦૦

## આપની આજ

**મેષ** : માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

**વૃષભ** : માન- સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર-વ્યવસાય સારો ચાલશે.

**મિથુન** : આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. ધાર્મિક કાર્યો થશે.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ.કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

**સિંહ** : સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : મહત્વાકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**તુલા** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

**ધન** : વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્યપૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

**કુંભ** : નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**મીન** : નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

## ચિરવિદાય

● સ્વ. ધનીબેન રમાભાઈ ડાભી (ઉ.વ.૮૦) પ્લોટ નં. ૪/૧, ટેલિપોન કોલોની, સેકટર-૨૪, ગાંધીનગર